ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૩ ડીગ્રી
લઘુતમ : ૨૪.૯ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૪ ટકા




આદ્યશક્તિની આરાધનાના પર્વના નવમાં નોરતે કલ્ચરલ ફોરમમાં ખેલૈયાઓએ ગરબાની ધૂમ મચાવી હતી. માતાજીના નવમાં નોરતે ગરબા ગ્રાઉન્ડમાં પણ દર્શકોની ભીડ જામી હતી. પાર્કીંગમાં પણ જોરદાર ધસારો જોવા મળતા આ વર્ષે શહેરમાં ખેલૈયાઓએ ઉત્સાહપૂર્વક ગરબાની રમઝટ બોલાવી છે.

# શહેરમાં મુખ્ય માર્ગો ઉપર ખાડા રાજથી જનતા ત્રાહીમામ

## સેક્ટર-રપથી વાવોલ જવાના માર્ગ ઉપર મસમોટા ખાડા પડ્યા




ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં સેક્ટર-૨૫ જીઆઈડીસી ઈકયુડીસી સર્કલથી વાવોલ તરફ જવાના મુખ્ય માર્ગ ઉપર ખાડારાજ જોવા મળી રહયું છે. જેનો ભોગ વાહનચાલકો બની રહયા છે. વરસાદી મોસમ અગાઉ નવનિર્માણ કરાયેલા આ માર્ગ ઉપર વરસાદી ઝાપટા પડ્યા બાદ સમગ્ર નવનીતમ માર્ગ ખાડામય બની જવા પામ્યો છે. જેથી વાહનચાલકોમાં ભારે હાલાકી પડી રહી છે. આ માર્ગ ઉપર અકસ્માતના અંતે હાથપગ છોલાઈ જવા, માથુ ભાંગી જવું, વાહનોને નુકશાન થવું જેવા અણધાર્યા બનાવ બની રહયા છે. ગાંધીનગર મહાનગરપાલિકાની સંવેદનશીલતાથી કોઈ ગાંધીનગરવાસી અજાણ નથી પણ શું આ માર્ગ ગાંધીનગરના છેવાડે આવેલો હોવાથી ફાજલ માર્ગ તરીકે ઓળખાઈ રહયો છે? આ માર્ગ ઉપરથી ભારે વાહનો સૌથી વધુ પસાર થઈ રહયા છે. તેથી ખાડાઓમાંથી ભારે વાહનો પસાર થતાં ખાડાઓ વધુ પડતાં વિશાળ બની રહયા છે. એટલે માર્ગ પર ઠેરઠેર ખાડાઓ જોવા મળી રહયા છે. કયાંક માર્ગ પરનો ડામર ઉખડી ગયેલો જોવા મળે છે તો કયાંક મોટા મોટા ખાડાઓ પડી ગયા છે તેથી આ માર્ગ ઉપરથી પસાર થવું મુશ્કેલીરૂપ બન્યું છે. અને માર્ગના સમારકામ માટેની લોકમાંગણી ઉઠી રહી છે. વાવોલ તરફ જવાના માર્ગનું સમારકામ થયે હજી ગણતરીના જ મહીનાઓ થયા છે ત્યારે આ માર્ગની કામગીરી કરતાં કોન્ટ્રાકટરોની કામગીરી આપણી નજરે છતી થાય છે. માર્ગો ઉપર કાંકરીઓ જોવા મળી રહી છે. ટુ વ્હીલર ચાલકોને વાહન સ્લીપ થવાની ભીતી છે. વરસાદ બાદ પણ માર્ગોનું યોગ્ય સમારકામ ન થવાથી લોકોમાં રોષ પણ ફેલાયો છે. જો કે દિવાળી પહેલા માર્ગોના નવીનીકરણની વાતો છે ત્યારે શહેરીજનોએ દીવાળી સુધી આ ઉબડખાબડ માર્ગો ઉપરથી પસાર થવાનો વારો આવ્યો છે.



દશેરાના પર્વ નિમિત્તે સંસ્કાર ગ્રૃપ દ્વારા એસટી બસને ફુલહાર પહેરાવી પૂજા અર્ચના કરવામાં આવી હતી.

## સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે ભવ્ય જૈનેશ્વરી આર્યિકા દિક્ષા યોજાઈ



ગાંધીનગર, તા.૫

૧૦૦૮ શ્રી મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર , સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે આચાર્ય શ્રી ચંદ્રસાગરજી મહારાજ સસંઘના સાનિધ્યમાં ભવ્ય જૈનેશ્વરી આર્યિકા દિક્ષા યોજાઈ. જેમાં વિશાળ સંખ્યામાં જૈન લોકોએ ધર્મ લાભ લીધો.



કાનમ રેસીડન્ટસી-૧ ખાતે દશેરા નિમિત્તે શસ્ત્ર પુજાનુ આયોજન કરાયુ હતુ જેમા ૫૦ જેટલા રહીશ મિત્રોએ લાભ લીધો હતો અને શસ્ત્ર પુજાનુ મહત્વ બાળકોને પણ સમજાવામા આવ્યુ હતું.

## નેહરુ યુવા કેન્દ્ર દ્વારા માણસામાં સ્વચ્છતા અભિયાન



ગાંધીનગર, તા.૫

નહેરુ યુવા કેન્દ્ર-ગાંધીનગર દ્વારા માણસાના ઐતિહાસિક સ્થળ તરીકે પ્રખ્યાત મલાવ તળાવ ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કાર્યક્રમ યોજાયો હતો જેમાં જિલ્લા યુવા અધિકારી પંકજ મારેચા તેમજ અન્ય યુવા સ્વયમ સેવકો તેમજ અન્ય ગ્રામજનો અને યુવાનો હાજર રહ્યા હતા.



શિવશક્તિ મંદિર સેક્ટર ૩ન્યૂ નવરાત્રિ ધામધૂમ થી ઉજવણી કરી હતી. માતાજીના ગરબા સ્વરૂપે બિરાજેલા માં અંબાને વિદાય આપી કૃપા સદાય સર્વે પર અવિરત રીતે વરસતી રહે તેવી પ્રાર્થના કરી હતી.

## ચિલોડા ઓમ લેન્ડ માર્ક સંકુલમાં ખેલૈયાઓ મન મૂકી ગરબે ઘૂમ્યા



ગાંધીનગર, તા.૫

ચિલોડા ઓમ લેન્ડ માર્ક સ્કૂલ ખાતે ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટીશ્રી અશોકભાઈ રાવલ, પ્રિન્સિપાલ સુનિલભાઈ રાવલ સહિત કેમ્પસનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ ગરબા મહોત્સવમાં તમામ વિદ્યાર્થી ભાઈ બહેનો પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને આવ્યા હતા. અને સૌ મનમૂકીને ગરબે ઘૂમ્યા હતા

# ચિલોડા ફરસાણની હાટડીઓ પર ફાફડા અને જલેબીની રસિયાઓએ જ્યાફત માણી




ગાંધીનગર, તા.૫

દશેરા નિમિત્તે દર વર્ષે ફાફડા-જલેબી ખાવાની એક પરંપરા થઈ ગઈ છે. મોટા ચિલોડામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ફાફડા-જલેબી લેવા લોકોની ભીડ જામી હતી. મોટા ચિલોડામાં દહેગામ રોડ અને ગાંધીનગર રોડ પર ફાફડા જલેબી ની હાટડીઓ વેપારીઓ દ્વારા શરૂ કરી દેવાઈ હતી. જો કે, આ વર્ષે ફાફડા-જલેબીના ભાવમાં વધારો થયો છે. એટલે કે, આ વર્ષે ફાફડા ૫૫૦થી ૮૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યાં છે. ત્યારે ખાદ્ય તેલ, પેટ્રોલ-ડીઝલ અને બેસનના ભાવમાં વધારો થવાના કારણે ફાફડા અને જલેબી પણ મોંઘા થયા છે. તો ગત વર્ષ કરતાં આ વર્ષે ફાફડા-જલેબીના ભાવમાં ૧૫ ટકા ભાવ વધારો નોંધાયો છે.

## જન્મદિને વધામણી



મધુબેન
દશરથલાલ ગાંધર્વ
મો. ૯૪૨૮૫ ૯૫૬૫૮



મિહીર પરેશભાઈ રાવળ
મો. ૯૯૯૮૫૫૭૨૩૩



હિરવા દક્ષેન ત્રિવેદી
મો. ૯૮૨૪૨ ૬૬૧૬૦



હેત્વા દક્ષેન ત્રિવેદી
મો. ૯૮૨૪૨ ૬૬૧૬૦



અવની
દિપકકુમાર નિર્મલ
મો. ૯૯૨૪૪ ૯૧૨૭૭



અભિમન્યુસિંહ રાઠોડ
મો. ૮૫૧૧૬ ૨૯૦૩૯



રાવી અશ્વિન પંડયા

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.ચાવડા જીવુબા પોપટજી ઉ.વ.૭૯, વરસોડા, માણસા
- સ્વ.સોલંકી હીરલબેન વિજયસિંહ ઉ.વ.૨૮, આલમપુર
- સ્વ.ચૌહાણ કેશુભાઈ મફતભાઈ ઉ.વ.૬૫, ઉનાવા

● રૂદ્રભૂમિ ●

- સ્વ.ઠાકોર મનુજી જીવાજી ઉ.વ.૫૪, સરગાસણ